Synopsis

# Synopsis of a Thesis for the Degree of Ph.D. (Gujarati).

Title: 'A Critical Edition of Pañca-danda-nī Vārtā in Old Gujarati Prose (before 1682 A.D.) with a Comparative study of literary works on the same theme in Sanskrit and Gujarati.'

by


Somabhai D. Parekh, M.A., M.Ed.
Oriental Institute, M.S.
University of Baroda.


[જૂની ગુજરાતી ગદ્યકૃતિ 'પંચદંડની વાર્તા'— (ઈ.સ. ૧૬૮૨ પહેલાં)ની સમીક્ષિત વાચના— તે જ વિષય પર આધારિત સંસ્કૃત અને ગુજરાતીની સાહિત્યિક કૃતિઓના તુલનાત્મક અધ્યયન સહિત.]

લેખક:


સોમાભાઈ ધૂ. પારેખ, એમ.એ., એમ.એડ.
પ્રાચ્યવિદ્યા મંદિર, મ.સ. યુનિવર્સિટી,
વડોદરા.

# Synopsis (રૂપરેખા)

વિક્રમ-વિષયક વાર્તાચક્રોમાં, 'પંચદંડ' અગત્યનું વાર્તાચક્ર છે. ગુણાઢ્યકૃત 'બૃહત્કથા'ના કાશ્મીરી રૂપાન્તર 'કથાસરિત્-સાગર', 'વસુદેવ-હિંડી', 'પાર્શ્વનાથચરિત્ર', 'ત્રિષષ્ઠિશલાકા-પુરુષ ચરિત્ર', 'અંબડચરિત્ર', આદિ કૃતિઓમાં પ્રાપ્ત થતા 'પંચદંડ'ની વાર્તાઓના કેટલાક અંશ, વાર્તાઓની પરંપરાને ઈસ્વી સનની પહેલી સદી આસપાસ મૂકે છે. સ્વરૂપઘટન, પારંપરિક બળો આદિની દૃષ્ટિએ, 'પંચદંડ', 'સિંહાસનબત્રીસી' અને 'વેતાલ-પચીસી' એક સાંસ્કૃતિક પરંપરાનાં સંતાન હોય એમ જણાય છે. વિક્રમ અને વેતાલનાં પાત્રો, સિદ્ધવિદ્યાઓ, તાંત્રિક વિદ્યાઓ, રસ-વિદ્યા, વિદ્યાધરો અને તેઓનાં કથાઘટકો (Motifs) એ ત્રણેય વાર્તાચક્રોને એકસૂત્રે સાંધે છે. એ ત્રણ વાર્તાચક્રો પૈકી 'સિંહાસન-બત્રીસી'નું વાર્તાચક્ર, ભારતના જુદા જુદા પ્રદેશોમાં અને ભારત બહારના દેશોમાં જાણીતું છે; 'વેતાલપચીસી' પણ એવી ખ્યાતિ ધરાવે છે, જ્યારે 'પંચદંડ' પશ્ચિમ ભારતના રાજસ્થાન, ગુજરાત આદિ પ્રદેશોમાં લોકપ્રિય છે. 'પંચદંડ' વિષયક કૃતિઓ સંસ્કૃત, જૂની ગુજરાતી અને રાજસ્થાનીમાં, ભારતના અને કેટલાક પરદેશનાં હસ્તપ્રતોના સંગ્રહમાં મળે છે. જર્મન વિદ્વાન પ્રો. એ. વેબરે, બ્રિટિશ મ્યૂઝિયમમાંથી પૂર્ણચંદ્રસૂરિકૃત 'विक्रमस्य पञ्चदण्ड-छत्रप्रबन्ध'ની હસ્તપ્રત મેળવી, ઈ.સ. ૧૮૭૭માં તેની આવૃત્તિ પ્રસિદ્ધ કરેલી તે ભારત અને ભારત બહારના દેશોને જાણીતી છે.

'સિંહાસનબત્રીસી' અને 'વેતાલપચીસી' એ બન્ને વાર્તાચક્રો-ની સરખામણીમાં, 'પંચદંડ'નું વાર્તાચક્ર તેના મુખ્ય કથાઘટક

'મદુઈ દંડ'ના કારણે જુદું પડે છે.

'પંચદંડ'ની વાર્તાઓ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ઊતરી આવી છે. અનેક કવિઓએ છેક સંવત ૧૫૦૦ આસપાસથી આ વાર્તાઓ ગુજરાતીમાં રચવા પ્રયત્ન કર્યો છે; એમાં જૈન અને જૈનેતર બેઉ પ્રકારના કવિઓ છે; જૈન કવિઓની સંખ્યા મુકાબલે વધારે છે. રાજસ્થાની ભાષામાં પણ આ વાર્તાઓ રચાઈ છે. સર્વ પ્રાપ્ત સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓના તુલનાત્મક અધ્યયનમાં, 'પંચદંડ'ની વાર્તાઓની પરંપરાના બે પ્રવાહ પડે છે: ૧. પ્રાચીન સંસ્કૃત કૃતિઓની પરંપરા; ૨. રામચંદ્રસૂરિની પરંપરા. પ્રાચીન સંસ્કૃત કૃતિઓની પરંપરામાં, 'પંચદંડ'ની વાર્તાઓના પ્રાચીન અંશ, ઠીક પ્રમાણમાં જળવાઈ રહેલા છે; જ્યારે રામચંદ્રસૂરિની પરંપરામાં, વાર્તાઓના પ્રાચીન અંશોનું સંસ્કરણ થયેલું છે. રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરી, સર્વ ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારોએ પોતાની કૃતિઓ રચી છે.

'પંચદંડ'ની સંસ્કૃતમાં રચાયેલી કૃતિઓ આ પ્રમાણે છે:
૧. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારકૃત 'विक्रमादित्यस्य पञ्चदण्डछत्रप्रबन्ध' (વિ.સં. ૧૪૬૫ પહેલાં); પૂર્ણચન્દ્રસૂરિ-વિરચિત 'विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्ध' (વિક્રમના પંદરમા શતકનો પૂર્વાર્ધ); ૩. દેવમૂર્તિ ઉપાધ્યાયકૃત 'पञ्चदण्डकथा' (વિ.સં. ૧૪૭૧ આસપાસ); ૪. પંડિત શુભશીલગણિ-રચિત 'पञ्चदण्डछत्रकथा' (વિ.સં. ૧૪૯૦); ૫. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારકૃત 'पञ्चदण्डछत्रप्रबन्ध' (વિક્રમનો પંદરમો શતક); ૬. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકારકૃત 'पञ्चदण्डछत्रप्रबन्ध' (વિક્રમનો પંદરમો શતક); ૭. પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિકૃત 'पञ्चदण्डातपत्रप्रबन्ध' (વિ.સં. ૧૪૯૦); ૮. વિજયકુશલ-રચિત 'श्रीविक्रमादित्य-पञ्चदण्डछत्रचरित्र' (વિક્રમનો સત્તરમો શતક).

નીચે દર્શાવેલી અગિયાર કૃતિઓ પૈકીની દસ જૂની ગુજરાતીની છે, જ્યારે એક રાજસ્થાનીની છે:

૧. નરપતિકૃત 'પંચદંડની વાર્તા' (વિ.સં. ૧૫૧૭); ૨. અજ્ઞાત કવિકૃત 'પંચદંડ ચતુષ્પદી' (વિ.સં. ૧૫૫૬); ૩. મુનિ માલદેવ-રચિત 'પંચદંડછત્રોત્પત્તિ-કથા' (વિક્રમનો સોળમો શતક); ૪. કવિ રાજચંદ્ર-પ્રણીત 'વિક્રમપ્રબન્ધ' (ઈ.સ. ૧૬૩૧); લક્ષ્મીવલ્લભગણિકૃત 'વિક્રમ પંચદંડ ચતુષ્પદી' (વિ.સં. ૧૭૨૮); ૬. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-રચિત 'પંચદંડકથા' (ઈ.સ. ૧૬૮૨ પહેલાં); ૭. અજ્ઞાત કવિકૃત 'પંચદંડની વારતા' (વિક્રમનો સત્તરમો શતક); ૮. અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-રચિત 'પંચ ડંડરી વાત' (વિ.સં. ૧૭૪૦ પહેલાં); ૯. કવિ શામળકૃત 'પંચદંડની વાર્તા' (વિ.સં. ૧૭૭૭-૧૭૮૫); ૧૦. ભાણવિજયગણિ-વિરચિત 'પંચદંડ છત્ર' (વિ.સં. ૧૮૪૭); ૧૧. આ. પેશતનજી કાવશાજી-રચિત 'પાંચ ડંડની વારતા' (ઈ.સ. ૧૮૭૨).

ગુજરાતી સાહિત્યમાં, 'પંચદંડ'વિષયક ઉપલબ્ધ કૃતિઓમાં, અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડકથા' (ઈ.સ. ૧૬૮૨ પહેલાં), ભાષાકીય ખૂબીઓ ધરાવતી સમૃદ્ધ ગદ્યકૃતિ છે, અને 'પંચદંડ'ના સમગ્ર અધ્યયનમાં તેનો નોંધપાત્ર ફાળો છે. તેનું એ મહત્ત્વ ધ્યાનમાં લઈને આ મહાનિબંધમાં એની સમીક્ષિત વાચના રજૂ કરી છે. વાચના એક જ હસ્તપ્રત પરથી તૈયાર કરી છે, તેની બીજી હસ્તપ્રત જાણવામાં આવી નથી. સાથે આગળના પ્રાપ્ત સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની રચનાઓનો તુલનાત્મક સ્વાધ્યાય, મધ્યકાલીન ગુજરાતીના એક અગત્યના પ્રકાર— લોકવાર્તાના અભ્યાસમાં અને ખાસ કરીને 'પંચદંડ'ની વાર્તાના સમગ્રદર્શી અધ્યયનમાં ઉપયોગી થશે એમ

આખા મહાનિબંધના બે ખંડ પાડવામાં આવ્યા છે: ખંડ પહેલામાં, 'પંચદંડ'વિષયક કૃતિઓનો પરિચય અને તુલનાત્મક સમીક્ષા સાથે, લોકવાર્તાના સ્વરૂપની પશ્ચાદ્ભૂમાં 'પંચદંડ'નું સ્થાન, 'પંચદંડ'ની વાર્તાઓનું પ્રાચીન સ્વરૂપ અને સ્વરૂપાંતર, વાર્તાઓનાં ઘટકતત્ત્વો, વાર્તાઓને ઘડનારાં પારંપરિક બળો આદિ વિષયોની ચર્ચા કરી છે. ખંડ બીજામાં, અજ્ઞાત

ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડકથા' (ઈ.સ.૧૬૮૨ પહેલાં)ની સમીક્ષિત વાચના અને તેમાંના નોંધપાત્ર શબ્દોનો શબ્દકોશ આપ્યો છે:

આ મહાનિબંધનો સાર આ પ્રમાણે છે:

(૧.) આ પહેલા પ્રકરણનું શીર્ષક 'લોકવાર્તામાં 'પંચદંડ'' છે. તેમાં લોકવિદ્યા (Folk-Lore), લોકસાહિત્ય અને લોકવાર્તાનો સંબંધ દર્શાવી, લોકવાર્તાના સ્વરૂપની ચર્ચા કરી, એ ચર્ચાની પશ્ચાદ્ભૂમાં 'પંચદંડ'ને જાદુઈ વાર્તાઓ (Magic Tales)ના વર્ગની એક વીરકથા તરીકે મૂલવવામાં આવી છે.

(૨.) આ પ્રકરણનું શીર્ષક 'કૃતિપરિચય અને તુલનાત્મક સમીક્ષા' છે. આમાં, સમયાનુક્રમે, 'પંચદંડ'વિષયક અગિયાર રચનાઓની સમાલોચના કરી છે. એના મુદ્દા આ પ્રમાણે છે:

૧. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'विक्रमादित्यस्य पञ्चदण्डछत्र-प्रबन्धः':
સૌથી જૂની કૃતિ. 'પંચદંડ'ની પ્રાચીન પરંપરાના સચવાયેલા અંશ. કૃતિનું પ્રબન્ધાત્મક મૂલ્ય. સંસ્કૃત સાદું સરળ, પણ વસ્તુ અતિ સંક્ષિપ્ત. વિક્રમે પ્રાપ્ત કરેલા ત્રણ દંડ. ત્રણ દંડનાં નામ. વાર્તાઓના વસ્તુનો પરિચય.

૨. પૂર્ણચન્દ્રસૂરિ-વિરચિત 'विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्धः':
સાદી ભાષા, સંક્ષિપ્ત સ્વભાવોક્તિ. કૃતિનું પ્રબન્ધાત્મક મૂલ્ય. 'પંચદંડ'ની પ્રાચીન પરંપરાનો સ્પષ્ટ ખ્યાલ. પાંચ દંડની પ્રાપ્તિ અને દંડનાં નામ. સંસ્કૃત ગદ્યકૃતિઓમાં મહત્ત્વની કૃતિ. અવતરણો દ્વારા પરિચય.

૩. દેવમૂર્તિ ઉપાધ્યાયકૃત 'पञ्चदण्डकथा':
પ્રાચીન પરંપરાને અનુસરતી સંસ્કૃત પદ્યકૃતિ. ઊંચા પ્રકારનું કવિત્વ. કવિનો અલંકારોનો શોખ. કોમલ ગિરાયુક્ત સંસ્કૃત. વિક્રમે પ્રાપ્ત કરેલા દંડોની તુલના. વર્ણનો દ્વારા વસ્તુનો વિસ્તાર.

૪. પંડિત શુભશીલગણિ-વિરચિત 'पञ्चदण्डछत्रकथा':

પ્રાચીન પરંપરાને અનુસરતી મહત્ત્વની સંસ્કૃત ગદ્યકૃતિ. સાદું, સરળ અને ચોટદાર સંસ્કૃત. અવતરણો દ્વારા વાર્તાઓના વસ્તુની તુલના. પૂર્ણચન્દ્ર, દેવમૂર્તિ અને શુભશીલનો સંબંધ. દંડનાં નામોની તુલના.

૫. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध':

પ્રાચીન પરંપરાને અનુસરતી નોંધપાત્ર સંસ્કૃત ગદ્યકૃતિ. ગુજરાતી-મિશ્રિત સંસ્કૃત વર્ણકોના જેવું લોકસંસ્કૃત. કેટલાંક અવતરણો. 'કની' શબ્દની ચર્ચા. શુભશીલ અને રામચન્દ્રસૂરિ સાથે તુલના.

૬. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध':

પ્રાચીન પરંપરાને અનુસરતી મહત્ત્વની સંસ્કૃત ગદ્યકૃતિ. 'विक्रमादित्य-उत्पत्तिप्रबन्ध'. પ્રેમપત્ર. વસ્તુનું રૂપાન્તર. દંડનાં નામોની તુલના. અશુદ્ધ સંસ્કૃત. અવતરણો દ્વારા વાર્તાઓની તુલના.

૭. પૂર્ણિમાગચ્છીય રામચંદ્રસૂરિકૃત 'पञ्चदण्डातपत्रप्रबन्ध':

પ્રાચીન સંસ્કૃત પરંપરાનો ત્યાગ. નવી પરંપરા. જૂની ગુજરાતી અને રાજસ્થાની રચનાઓ પર પ્રબળ અસર. નવો વળાંક અને મોડ. વાર્તાઓનાં વસ્તુનો અતિ વિસ્તાર. કવિ બહુશ્રુત વિદ્વાન. ભાષા અને છંદની પ્રૌઢિ. અવતરણો દ્વારા કૃતિપરિચય. કૃતિનું સાંસ્કૃતિક મૂલ્ય. અનેક સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સુભાષિતો.

૮. નરપતિકૃત 'પંચદંડની વાર્તા':

'પંચદંડ'ની સૌથી જૂની ગુજરાતી પદ્યકૃતિ. રામચંદ્રસૂરિની અસર. કૃતિના રચનાસંવતનું પુનઃસ્થાપન. નરપતિ, રામચંદ્રસૂરિ, 'પંચદંડ ચતુષ્પદી'કાર* અને શામળનો સંબંધ. નરપતિ ઉચ્ચ કક્ષાનો કવિ. કાવ્યમય પંક્તિઓ. ભાષાકીય સમૃદ્ધિ. ભાષાનો પરિચય.

૯. અજ્ઞાત કવિકૃત 'પંચદંડ ચતુષ્પદી':

જૈન કવિની નોંધપાત્ર પદ્યકૃતિ. રામચંદ્રસૂરિની અસર. સાદી, સરળ અને સચોટ શૈલી. દુહા અને ચોપાઈમાં રચના. કૃતિની ભાષાના નમૂનારૂપ અવતરણો. પાંચ દંડની પ્રાપ્તિ અને ~~દંડનાં નામોની~~

તુલના. કૃતિનો રચનાસંવત અને લેખનસંવત. સચવાયેલું ભાષા-સ્વરૂપ.

૧૦ મુનિ માલદેવ-વિરચિત 'પંચદંડછત્રોત્પત્તિકથા':
જૈન કવિની કાવ્યમય પદ્યકૃતિ. અનેક સુભાષિતો. વિક્રમના જન્મની કથા. તિલકમંજરીની આડકથા. કૃતિની રચના, દુહા, ગાથા, ચોપાઈ અને દેશીઓમાં. ભાષાકીય ખૂબીઓ. ભાષા, ભાવ અને છંદની પ્રૌઢિ. શબ્દાલંકાર અને અર્થાલંકારનો ઔચિત્યભર્યો ઉપયોગ.

૧૧. કવિ રાજધર-પ્રણીત 'વિક્રમપ્રબન્ધ':
વિરલ જૈનેતર પદ્યકૃતિ, પણ અપૂર્ણ. અવતરણો દ્વારા ભાષાકીય ખૂબીઓના નમૂના. નરપતિ, શામળ અને રામચંદ્રસૂરિ સાથે સંબંધ. લાંબાં કાવ્યમય વર્ણનો.

૧૨. વિજયકુશલ-વિરચિત 'श्रीविक्रमादित्य-पञ्चदण्डछत्रचरित्र':
નોંધપાત્ર જૈન સંસ્કૃત ગદ્યકૃતિ. વાર્તાઓના વસ્તુની તુલના. દંડનાં નામોની તુલના. રામચંદ્રસૂરિની અસર. અનુકરણમાં મૌલિકતા. પાંચ દંડની પ્રાપ્તિ. छत्रकारका: — વિક્રમના પાંચ સસરા.

૧૩. લક્ષ્મીવલ્લભગણિકૃત 'વિક્રમ પંચદંડ ચતુષ્પદી':
લબ્ધિગણિ તરીકે ઉલ્લેખાયેલ તે જ લક્ષ્મીવલ્લભગણિ. રામચંદ્ર-સૂરિ, નરપતિની માફક વર્ણનપ્રધાન કૃતિ. વિક્રમ ગંધર્વસેનનો પુત્ર. કામરૂપમાં મંત્રવિદ્યા. ચંદ્રચુડ વિદ્યાધરે દેવદમની અને તેની સખીઓને આપેલા ચાર દંડ અને જલતરણશક્તિ. કૃતિમાં વિવિધ દેશીઓની ગેયતા, કાવ્યમય વર્ણનો અને રોચક કાવ્યોચિત પદાવલિ. મારવાડી-મિશ્રિત ગુજરાતી.

૧૪. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડકથા':
'પંચદંડ'ની પ્રાચીન પરંપરા અને રામચંદ્રસૂરિની પરંપરાનું મિશ્રણ. ગુજરાતી ગદ્ય અને ભાષાની ખૂબીઓ દર્શાવતી નોંધપાત્ર રચના. કૃતિના વિદ્વાન જૈનેતર કર્તા. વાર્તાઓના વસ્તુને પુષ્ટ કરતા વચ્ચે આવતા સંસ્કૃત શ્લોક. નરપતિના 'પંચદંડ' અને 'નંદબત્રીસી'માં, 'વસંતવિલાસ'માં, 'નારી નિરાસ ફાગ'માં સંસ્કૃત શ્લોક. કૃતિની —

શરૂઆત, સર્વ રચનાઓથી જુદી રીતે. રાજા ભોજ અને ધૂર્ત યોગી. મુખ્ય વાર્તાના કથાતંતુને પુષ્ટ કરતી નવ આડકથાઓ. મારવાડી બોલીની છટાઓ અને લઢણો ઝીલતું ગદ્ય.

૧૫. અજ્ઞાત કવિકૃત 'પંચદંડની વારતા':
નરપતિની રચનાને અનુસરતી પદ્યકૃતિ. વર્ણનપ્રધાન કૃતિ. રામચંદ્રસૂરિની પરંપરાની અસર. રાજધર, અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર (ઈ.સ. ૧૬૮૨ પહેલાં) અને અજ્ઞાત કવિ (કૃતિ નં. ૧૪)નો સંબંધ. કૃતિની સત્તરમા શતકની લાક્ષણિક ભાષા. લોકબોલીની અસર. પદ્યની વચ્ચે આવતા ગદ્ય અને સંસ્કૃત શ્લોકોની ફૂલગૂંથણી.

૧૬. અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-વિરચિત 'પંચદંડરી વાત':
નોંધપાત્ર રાજસ્થાની ગદ્યકૃતિ. નરપતિ, રાજધર, અજ્ઞાત કવિ (કૃતિ નં. ૧૫)નો ~~સંબંધ~~ અને અજ્ઞાત રાજસ્થાની ગદ્યકારનો સંબંધ. વાર્તાઓના વસ્તુ અને આયોજનમાં ખામી. વિક્રમ અદ્ભુત વિદ્યાઓનો જાણકાર. રાજસ્થાની ગદ્યના નમૂના. કૃતિનું ભાષાકીય મહત્ત્વ.

૧૭. કવિ શામળકૃત 'પંચદંડની વાર્તા':
'સિંહાસનબત્રીસી'ની એક વાર્તા તરીકે 'પંચદંડ'. શામળ પર રામચંદ્રસૂરિની પરંપરાની અસર. પ્રાચીન પરંપરાથી તે અજ્ઞાત. વાર્તાના નિરૂપણમાં શામળનું વલણ જનમનરંજનનું. વાર્તાની પ્રાચીન પરંપરા અને પ્રાચીન અંશોનું સંસ્કરણ (Sophistication).

૧૮. ભાણવિજયગણિ-વિરચિત 'પંચદંડ છત્ર':
દેશીઓમાં રચાયેલી મહત્ત્વની પદ્યરચના. સરળ, પ્રસન્ન નિરૂપણશૈલી. કાવ્યોચિત પદાવલિ, દેશીઓની ગેયતા. લક્ષ્મીવલ્લભગણિ અને ભાણવિજયનો સંબંધ. અવતરણો દ્વારા ભાષાના અને વર્ણનોના નમૂના. રચનાકૌશલ અને આખ્યાનકાવ્ય. શામળ અને ભાણવિજયનો સંબંધ; બન્નેની કૃતિઓની તુલના.

૧૯. આ. ચેરાતન[illegible] કાવશા[illegible]-રચિત 'પાંચ ડંડની વારતા':
પારસી બોલીની છટાઓ અને લઢણો ધરાવતા ગુજરાતી ગદ્યની 'પંચદંડ'ની છેલ્લી કૃતિ. શામળની અસર. કૃતિનાં આયોજન

અને વાર્તાવસ્તુના સંકલનમાં સ્વામી- રામચંદ્રસૂરિની પરંપરાની અસર- દંડનાં નામોનો અભાવ- વાર્તાઓના ક્રમમાં ફેરફાર- અવતરણો દ્વારા કૃતિની ભાષાના નમૂના- 'પંચદંડ' વિષયક ઓગણીસ કૃતિઓના અધ્યયનમાંથી નિષ્પન્ન થતી બે પરંપરા: ૧- પ્રાચીન સંસ્કૃત કૃતિઓની પરંપરા; ૨- રામચંદ્ર-સૂરિની પરંપરા.

(૩.) આ પ્રકરણનું શીર્ષક 'પંચદંડ'ની વાર્તાનું પ્રાચીન સ્વરૂપ અને તેનાં સ્વરૂપાન્તરો છે. વાર્તાનું પ્રાચીન સ્વરૂપ ઈસ્વીસનના પહેલા સૈકા જેટલું પ્રાચીન છે. 'સિંહાસનબત્રીસી', 'પંચદંડ', અને 'વેતાલ-પચીસી' વચ્ચે આયોજન, વાર્તાઓનું સ્વરૂપઘટન, કથાઘટકો, પારંપરિક બળો આદિનું સામ્ય છે. 'બૃહત્કથા'ના કાશ્મીરી રૂપાન્તર 'કથાસરિત્સાગર', 'વસુદેવ-હિંડી', 'પાર્શ્વનાથચરિત્ર', 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષ ચરિત્ર', 'પરિશિષ્ટ પર્વ', 'અંબડચરિત્ર', પ્રો. ટૉમસન કૃત 'લોકવાર્તા' (The Folktale), 'મનુસ્મૃતિ', મેઘાણી-સંપાદિત 'કંકાવટી', 'પંચતંત્ર' આદિ કૃતિઓમાં પ્રાપ્ત થતાં 'પંચદંડ'ની વાર્તાઓનાં પ્રાચીન સ્વરૂપ અને તે સ્વરૂપોનાં થયેલ રૂપાન્તરોની તેમ જ રૂપાન્તર પ્રક્રિયાની મેં અહીં સમીક્ષા કરી છે.

(૪.) આ પ્રકરણનું શીર્ષક 'વાર્તાઓનાં ઘટકતત્ત્વ (Motifs) છે. વાર્તાઓનાં ઘટકતત્ત્વની વિચારસરણી- પ્રો. બ્લૂમફિલ્ડ, પ્રો. પેન્ઝર, પ્રો. સ્ટીથ ટૉમસન આદિ વિદ્વાનો અગ્રચારી- વાર્તાઓના તુલનાત્મક અધ્યયનમાં, આખી સળંગ વાર્તાઓની તુલનાને બદલે તેઓના ઘટકતત્ત્વોના તુલનાત્મક અધ્યયન-ની રીતિ અસ્તિત્વમાં આવી છે. ઘટકતત્ત્વના અધ્યયનના પુરસ્કર્તા પ્રો. ટૉમસન- ઘટકતત્ત્વનું સ્વરૂપ— વાર્તાનો નાનામાં નાનો, એક સાંસ્કૃતિક પરંપરાના ભાગ તરીકે લોકો લાંબા કાળ સુધી ફરી ફરીને યાદ કરે એવો અસામાન્ય અંશ કે જે વાર્તાના સમગ્ર સંકલનમાં અંકોડારૂપ રહે અને છતાં સ્વા-
~~પ્રાપ્તિત સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતું વાર્તાના કારણિભો એક~~

અને એક સાથે, વાર્તાનું જે ચાલક-પ્રેરક બળ (Motivating factor) બની રહે તે ઘટકતત્ત્વ (Motif). વાર્તામાં જે પ્રકારનાં ઘટકતત્ત્વ હોય તે પ્રકારની વાર્તાની જાતિ (type) નક્કી થાય છે. 'પંચદંડ'નાં મુખ્ય ઘટકતત્ત્વ: ૧. જાદુઈ દંડ; ૨. જાદુઈ અંતરાયો (Magical obstacles); ૩. લિંગ-પરિવર્તન (Change of Sex); ૪. પરકાયાપ્રવેશ; ૫. પ્રચ્છન્ન શ્રવણ (Overhearing); ૬. બોલતાં પક્ષીઓ (Talking Birds); ૭. આકાશમાં ઉડ્ડયન.

'કથાસરિત્સાગર', 'વસુદેવ-હિંડી', 'પાર્શ્વનાથચરિત્ર', 'ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર', 'અંબડચરિત્ર', 'પ્રબન્ધ-ચિન્તામણિ', 'પ્રબન્ધકોશ', 'પુરાતનપ્રબન્ધસંગ્રહ', 'વેતાલ-પચીસી', 'સિંહાસનબત્રીસી', 'યોગસૂત્ર', 'મહાભારત', 'રામાયણ', 'પંચતંત્ર' અને પ્રો. ટોમસન-વિરચિત 'Motif-Index of Folkliterature' આદિ ગ્રન્થોમાંથી ઉપર્યુક્ત કથાઘટકો (Motifs)ની ચર્ચા કરી છે. મહાનિબંધ-ના પરિશિષ્ટમાં, 'Motif-Index of Folkliterature'-માંથી સંબંધકર્તા કથાઘટકોની સંદર્ભસૂચિ છે.

(૫.) આ પ્રકરણનું શીર્ષક 'પંચદંડની પરંપરા' છે. વાર્તાઓનાં આયોજન, સ્વરૂપઘડતર, કથાવસ્તુ, કથાઘટકો, પાત્રો, વર્ણનો આદિ પર અસર કરનાર પારંપરિક બળોની ચર્ચા અહીં કરવામાં આવી છે. સિદ્ધયોગીઓ, યોગવિદ્યા, તાંત્રિક વિદ્યા, રસવિદ્યા, સિદ્ધવિદ્યા, વિદ્યાધરો આદિની પરંપરાએ 'પંચદંડ'ની વાર્તાઓના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ચક્રવર્તિપદ પ્રાપ્ત કરવાની ઝંખનામાંથી, પ્રાચીન રાજ-ચક્રી અને સિદ્ધચક્રીની વિચારસરણીથી રંગાઈ, આ વાર્તાઓ અસ્તિત્વમાં આવી હોય એવી સંભાવના છે. ચોર-શાસ્ત્રના પ્રણેતા મનાતા મૂલદેવનાં સાહસોની પરંપરાની પણ વાર્તાઓ પર અસર છે. સંસ્કૃતિ, નાગરિક, વેપાર,

વ્યવહારમાર્ગ, બંદર આદિમાં કેન્દ્ર તરીકે મહત્ત્વ ધરાવતાં, 'પંચદંડ'ની વાર્તામાં ઉલ્લેખાયેલાં નગર, દેશ, પ્રદેશ વિશે ભૌગોલિક તેમ જ સાંસ્કૃતિક દૃષ્ટિએ ચર્ચા કરી છે. 'પંચદંડ'ની વાર્તાઓમાં ઉલ્લેખ પામેલી 'ગાહા' અને 'નાગ' જાતિઓનો આછો પરિચય આપ્યો છે. 'ગાહા' અને 'સાંગેરી' જેવા નોંધપાત્ર શબ્દો વિશે વિવરણ કર્યું છે.

(૬.) અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા'ની સમીક્ષિત વાચના.

(૭.) અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા'ના નોંધપાત્ર શબ્દોનો વ્યુત્પત્તિ સહ શબ્દકોશ મહાનિબંધના અન્તે આપેલો છે.

(૮.) છેલ્લે આ મહાનિબંધ તૈયાર કરવામાં ઉપયોગમાં લીધેલા મુદ્રિત ગ્રન્થો તેમ જ બધીય હસ્તપ્રતોની વિગતવાર સન્દર્ભસૂચિ આપી છે.

ચિત્રો: અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા'ના સંપાદનમાં ઉપયોગમાં લીધેલી હસ્તપ્રતનાં આદિમ તથા અંતિમ પત્રોના ફોટોગ્રાફ.

Baroda
28:12:60

Somabhai D. Parekh